+ ZOOM



### APMCમાં પેઢીના બેંક ખાતામાં વેપારના નાણાના બદલે સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી થતી

# ૨૦૦ કરોડના આંતરરાજ્ય રેકેટમાં ટોળકી સામે પોર્ટલ પર સાયબર ફ્રોડની ૩૮૬ ફરિયાદ

## સાયબર ઠગોને પણ ઠગાઈનો ડર: બેંક ખાતા આપનાર પાસે એડવાન્સ રકમ જમા લઈ લે છે

। અમદાવાદ ।

સાયબર ગઠિયાઓ પાસેથી કમિશન લઈને સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ રૂપિયા રોકડ, ક્રિપ્ટો કે યુએસડીટીમાં કન્વર્ટ કરી દૂબઈ મોકલવાના રેકેટમાં ઘટસ્ફોટ થયો છે કે, આરોપીઓ દ્વારા ભાડે અપાયેલા બેંક ખાતા સામે એનસીસીઆરપી (નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટીંગ પોર્ટલ) પર દેશભરમાં સાયબર ફ્રોડની ૩૮૬ ફરિયાદ થયેલી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ઝડપેલા છ આરોપીએ એપીએમસીમાં પેઢી રજીસ્ટર્ડ કરાવી તેમાં વેપારના નાણાના બદલે સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી થતી હતી. સાયબર ફ્રોડ કરતા ઠગો સાથે પણ ઠગાઈ થતી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જેના કારણે દૂબઈમાં બેઠેલા સાયબર ઠગોએ આરોપી પાસેથી બેંક ખાતા ભાડે લેતા પહેલા એક લાખ એડવાન્સ ડિપોઝીટ પેટે લીધા હતા.સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ડેટા એનાલીસીસ અને હ્યુમન સોર્સની મદદથી લખનર એપીએમસીમાં રજીસ્ટર્ડ પેઢીમાં વેપારના નહી સાયબર ફ્રોડના નાણાં જમા થતા હોવાનું અને છ આરોપીઓની ટોળકીએ સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ રૂપિયા રોકડ, યુએસડીટી અને ક્રિપ્ટોમાં કન્વર્ટ કરી દૂબઈ મોકલ્યા હોવાનું શોધી કાઢ્યું હતું. આરોપીઓએ રોકડ રકમ મોકલવા માટે આંગડિયા પેઢીનો ઉપયોગ કર્યાનો ખુલાસો થયો છે.

પોલીસે પકડેલા આરોપીઓમાં મહેન્દ્ર સોલંકીએ લખનર એપીએમસીમાં પેઢી રજીસ્ટર્ડ કરાવી અને એપીએમસીના ગેટની બહાર આવેલી ઓફિસ લીધી હતી. મહેન્દ્ર સાથે રૂપેન, રાકેશ લાણીયા અને રાકેશકુમાર દેકાવાડીયા, વિજય અને પંકજ કથિરીયાની મિલીભગત હતી. આ આરોપીઓમાં મહેન્દ્ર સાયબર ફ્રોડના જમા થતા નાણાંમાંથી પોતાનું અને સહ આરોપીઓનું કમિશન કાઢી બાકીની રકમ અન્ય આરોપીઓ પાસે વિડ્રો કરાવતો હતા. આ રકમ ચેક વિડ્રો, એટીએમ વિડ્રો, ક્રિપ્ટો ટ્રાન્ઝેકશન થકી ફેરવવામાં આવતી હતી. મહેન્દ્ર સીવાયના અન્ય આરોપી સગા,સબંધીના બેંક ખાતા અને તેની કીટ લાવવાનું કામ કરતા અને ખાતામાં ફ્રોડના નાણાંની હેરાફેરી કરતા હતા. આ રકમ વિડ્રો થયા બાદ વિજય ખાંભલ્યા સુધી પહોંચાડતા હતા. વિજય તે રકમ પંકજ કથિરીયાને પહોંચાડતો હતો. આ રકમ પંકજ દૂબઈમાં બેઠેલા લોકોને મોકલી આપતો હતો. સુરતનો પંકજ સાયબર ફ્રોડ કરતી ટોળકીના સીધા સંપર્કમાં હોવાની શંકાને આધારે તેની પૂછપરછ ચાલી રહી છે. સાયબર અધિકારીઓના જણાવ્યા મુજબ આરોપીઓ જૂદી જૂદી ચેનલ મારફતે કામ કરતા હોવાથી ટોપની સિન્ડીકેટ મેમ્બરોના નામ સુધી પોલીસ પહોંચી શકે નહી. વિજય ખાંભલ્યા જેવા અનેક એજન્ટો સાથે દૂબઈ અને કમ્બોડીયામાં બેઠેલા સાયબર ઠગો ડિલીંગ કરતા હોવાનું જાણવા મળ્યું છે.સાયબરની ટીમોએ છ આરોપીઓની ધરપકડ કરી તેઓ પાસેથી ૧૨ મોબાઈલ અને બે સીમકાર્ડ જપ્ત કર્યા છે.

### કયા કયા સાયબર ફ્રોડના નાણાં ખાતામાં જમા થયા

સાયબર ટીમની તપાસમાં ખુલેલી વિગત મુજબ આરોપીઓએ દેશભરમાં ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ, ડિપોઝીટ, યુપીઆઈ, લોન, ટાસ્ક, પાર્ટ ટાઈમ જોબના નામે સાયબર ફ્રોડ આચર્યા તે નાણાં આરોપીઓ દ્વારા ભાડે અપાયેલા ખાતામાં જમા થતા હતા. બેંક એકાઉન્ટમાં સાયબર ઠગો એક લાખે પાંચ ટકા કમિશન આપતા હતા.

### સાયબર ફ્રોડમાં બેંક ખાતા ભાડે આપી કમાયા બાદ સ્પા સેન્ટરો ખોલ્યા

પોલીસે પકડેલા આરોપીઓમાં મહેન્દ્ર સોલંકી અને તેના સાગરિતોએ ભાગીદારીમાં સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે બેંક ખાતા ભાડે આપી કમાણી કરી હતી. આ કમાણીમાંથી મોરબીમાં સ્પા સેન્ટરો ખોલ્યા હતા. આમ, આરોપીઓએ રાતોરાત અમીર બનવાના ચક્કરમાં મોટી ભૂલ કરી હતી.

### સુરતના બે સહિત પોલીસે છ આરોપીની ધરપકડ કરી

❑ મહેન્દ્ર શામજીભાઈ સોલંકી રહે.મોરબી રૂપેન પ્રાણજીવન ભાટી રહે, મોરબી ❑ રાકેશ કાંતી લાણીયા રહે, સુરેન્દ્રનગર રાકેશ યમન દેકાવાડીયા રહે.સુરેન્દ્રનગર ❑ વિજય નાથા ખાંભલ્યા રહે, સુરત * પંકજ બાબુ કથિરીયા રહે.સુરત

# બેંગકોકથી છ કરોડના ગાંજાનું સ્મગલિંગ કસ્ટમે મહારાષ્ટ્રના બે પેડલર ઝડપી લીધા

### અમદાવાદ એરપોર્ટ પર વધુ એક ગાંજાની હેરાફેરીનો કસ્ટમે પર્દાફાશ કર્યો

## શંકાસ્પદ વર્તણૂક જણાતા બંને પેસેન્જરના લગેજ ચેક કરાતા ભાંડો ફૂટ્યો

। અમદાવાદ ।

અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે બેંગકોકથી અમદાવાદની ફ્લાઈટમાં ગાંજો લઈને આવતા બે મુસાફરોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેની બેગમાંથી ૬ કિલો ૨૦૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ૬ કરોડથી વધુની કિંમત આંકવામાં આવી છે. બંને મુસાફરો મહારાષ્ટ્રના ઉલ્લાસનગરના હોવાનું જાણવા મળે છે.

તા. ૩ નવેમ્બરે મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પર આવેલી TG-૩૪૩ નંબરની બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં બે મુસાફર પાસે ગાંજો હોવાની બાતમીના આધારે કસ્મટ વિભાગે આ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. એર ઈન્ટેલિજન્સ યુનિટની માહિતીના આધારે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ પેડલિંગમાં સંકળાયેલા હોવાની શંકા ધરાવતા બે મુસાફરો પર નજર રાખવામાં આવી હતી. ફ્લાઈટ લેન્ડ થતા જ બંને શંકાસ્પદ મુસાફરોને રોકી તેમની બેગેજની બારીકાઈથી ચકાસણી કરવામાં આવતા તેમાંથી ગાંજાના પેકેટ્સ મળી આવ્યા હતા. પ્રથમ મુસાફર પાસેથી ૪ કિલો ૧૮૦ ગ્રામ ગાંજો મળ્યો હતો. તેણે ચાર અલગ-અલગ પેકેટમાં ગાંજો ચાલાકીપૂર્વક સંતાડ્યો હતો. એરઇન્ટેલીજન્સ યુનિટની તપાસમાં તે ગાંજો હોવાનું પુરવાર થયું હતું. બીજા મુસાફર પાસેથી ૨ કિલો ૩૯ ગ્રામ ગાંજો મળ્યો હતો. તેણે બે પેકેમાં તે સંતાડી રાખ્યો હતો.

પ્રાથમિક તપાસમાં અંદાજ લગાવાઈ રહ્યો છેકે બંને મુસાફરો કોઈ આંતરરાષ્ટ્રીય માફિયા નેટવર્ક સાથે સંકળાયેલા હોઈ શકે છે અને ભારતમાં ગેરકાયદે નેટવર્કને સપ્લાય પહોંચાડવા માટે આ નજીવા પદાર્થ લાવી રહ્યા હતા. બંને મુસાફરોની ધરપકડ કરીને NDPS એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


**બેંક ઑફ ઇંડિયા Bank of India BOI**

**ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

**ઈ-હરાજીની તા.૨૫.૧૧.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી** (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

| અ. નં. | શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ | વેચાણ માટેની મિલકતનું વર્ણન | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તારીખ<br>ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ સ્વાધીનતા | ન્યુનતમ અનામત કિંમત<br>ઈએમડી | શાખા હેડ નો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| ૧. | **આનંદ મહલ રોડ શાખા**<br>**સીતાદેવી કનૈયા વર્મા (દેવાદાર)** | મહાવીર નગર રેસીડેન્સી સ્થિત રહેણાંકની મિલકત પ્લોટ નં.૪૨૪/બી, રે.સ.નં.૫૯, ૬૦, ૬૧ અને ૬૨, જૂનો બ્લોક નં.૬૩, ક્રાકેશી લેક ની બાજુમાં, માજે કારેલી, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૬૦૨ | અ) ૩૦.૦૬.૨૦૨૧<br>બ) રૂા. ૧૩,૦૮,૨૪૬.૬૬ + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) સાંકેતિક કબજો | રૂા.૧૧,૬૨,૦૦૦/-<br>રૂા.૧,૧૬,૦૦૦/- | ૬૩૭૨૨૦૦૦૬૩ |
| ૨. | **અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા**<br>**શ્રી અનિલભાઈ ધનજીભાઈ સાવલીયા અને શ્રી ધનજીભાઈ રામજીભાઈ સાવલીયા** | રામેશ્વર બંગ્લોઝ સ્થિત રહેણાંકના ઘરનો પ્લોટ નં.૪૫, જેના પ્લોટ એરીયાનું માપ ૨૦૦૦ ચો.ફુટ, બિલ્ડ અપ એરીયા માપ ૫૬૦.૭૦ ચો.ફુટ, પોલીટેકનીક કોલેજ પાસે, દેસાઇ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ. | અ) ૦૪.૧૦.૨૦૧૬<br>બ) રૂા. ૨૧,૯૮,૦૦૦.૦૦ + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૧૬,૯૦,૦૦૦/-<br>રૂા.૧,૬૯,૦૦૦/- | ૬૩૬૮૧૬૦૫૧૦ |
| ૩. | **અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા**<br>**પ્રકાશ ચંદ ગુપ્તા (દેવાદાર)** | સ્લોક એવન્યુ સ્થિત રહેણાંકનો ફલેટ નં.જીએફ/૦૨, ફલેટ એરીયા ૫૦૬.૫૦ ચો.ફુટ, રે.સ.નં.૨૩૧, ગડખોલ, રાજપીપળા ચોકડી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ. | અ) ૦૪.૧૦.૨૦૧૬<br>બ) રૂા. ૬,૮૧,૫૧૭.૦૦/- + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૬,૫૦,૦૦૦/-<br>રૂા.૬૫,૦૦૦/- | ૬૩૬૮૧૬૦૫૧૦ |
| ૪. | **અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા**<br>**શ્રી વિપુલકુમાર સુખાભાઈ પામેલીયા અને શ્રી વિરલકુમાર સુખાભાઈ પામેલીયા** | રામેશ્વર બંગ્લોઝ સ્થિત રહેણાંકના ઘરનો પ્લોટ નં.૫૩, જેનું માપ ૧૮૫.૭૫ ચો.મીટર, પોલીટેકનીક કોલેજ પાસે, દેસાઇ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ. | અ) ૧૨.૦૪.૨૦૧૬<br>બ) રૂા. ૨૧,૯૨,૪૫૭.૦૦ +વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૨૬,૫૧,૦૦૦/-<br>રૂા.૨,૬૫,૦૦૦/- | ૬૩૬૮૧૬૦૫૧૦ |
| ૫. | **ભરૂચ શાખા**<br>**શ્રી ચેતનભાઈ પટેલ** | સ્થાપી મિલકત કે જે 'પિયાજી કોમ્પલેક્ષ' શાવીમાર કોમ્પલેક્ષ ની પાછળ રે.સ.નં ૫૬+૫૭ પૈકી બીજા માળનો ફલેટ નં ૨૦૨ આઉન્ડ + બે કોરોજ બિલ્ડીંગનો બિલ્ટઅપ એરીયા ૫૧.૧૨ ચો.મીટર ભરૂચ ફ્રેસ્ટ્રીકટ માં શ્રી ચેતનભાઈ મહેન્દ્રભાઈ પટેલ ના નામે આવેલ છે. | અ) ૨૫.૦૩.૨૦૨૩<br>બ) રૂા. ૬,૭૭,૧૫૯.૨૫/- + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૬,૧૦,૦૦૦/-<br>રૂા.૬૧,૦૦૦/- | ૯૮૫૬૦૬૫૮૨૫ |
| ૬. | **ભરૂચ શાખા**<br>**અહમદ ઈસ્માઈલ પટેલ**<br>**ગૂલેખા અહમદ પટેલ** | સ્થાપી મિલકત કે જે ગવારા ટાઉન શીપ નો રહેણાક નો ફલેટ મોજે ઉંમરી રેવન્યુ સર્વે નં ૬૦/૧, ૬૦/૩, ૬૦/૬, ૬૦/૭, ૬૦/૮, ૬૦/૯, ૬૧/૪, ૬૧/૭ પ્લોટ નં. ૩૩૨ પૈકી તા.ભરૂચ જી. ભરૂચ ખાતે શ્રી અહમદ ઈસ્માઈલ પટેલ અને શ્રીમતી ગુલેખા અહમદ પટેલ નામેલ છે. | અ) ૩૦.૦૬.૨૦૨૩<br>બ) રૂા. ૫,૬૬,૫૪૦.૧૨ + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) સાંકેતીક કબજો | રૂા.૧૦,૨૦,૦૦૦/-<br>રૂા.૧,૦૨,૦૦૦/- | ૯૮૫૬૦૬૫૮૨૫ |
| ૭. | **પીપલોદ શાખા**<br>**શ્રી ધર્મારામ પબુરામ કુમાવત**<br>**શ્રી ખેમરાજ ડુંગરજી પટેલ (જામીનદાર)** | સ્થાપી મિલકત કે જે મહાદેવ નગર નો પ્લોટ નં ૪૭, બ્લોક રેસીડેન્સી સામે જોગેશ્વર મહાદેવ મંદિર નજીક, રે.સ નં. ૨૯૫ બ્લોક ન ૨૪૪, મોજે તાનીયા ખાતે કુલ માપ ૩૬.૭૪ ચો.ફુટ જમીનના વણવહેચાયેલ હીસ્સા સહિત, ફ્રેન્ચમપુરા વિસ્તાર, કુંભારવાડા, જુમીન સીટી સર્વે ૧) નોંધ નં.૧૮૫૫૬, માપ ૨૬૭.૫૬.૫૨ ચો.મી. ૨) નોંધ નં.૧૮૬, માપ ૧૪૮.૬૬.૩૨ ચો.મી. અને ૩) નોંધ નં.૧૮૭, માપ ૬૮.૫૬.૫૨ ચો.મી., જે જમીનનું કુલ માપ ૪૬૫.૮૬૫ ચો.મી. પૈકી ૩૬૬.૮૮૮ ચો.મી. જમીન વર્ગ ન.૨, તાલુકા સુરત હદ્દી, જી.સુરત ખાતે શ્રી ચંદાકુમાર અશોકકુમાર ઈજનેર શ્રી પવનકુમાર અશોકકુમાર ઈજનેર, શ્રી પવનકુમાર અશોકકુમાર ઈજનેર અને શ્રી કૃપાલ અશોકકુમાર ઈજનેર ના નામે આવેલ છે. | અ) ૦૬.૦૮.૨૦૧૮<br>બ) રૂા. ૨૪,૭૭,૮૬૬.૦૦ + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૨૨,૦૦,૦૦૦/-<br>રૂા.૨૨,૨૦,૦૦૦/- | ૬૬૭૬૧૫૩૬૧૫ |
| ૮. | **સુરત મેઈન શાખા**<br>**શ્રીમતી મનિષા સંદિપ પાટીલ અને શ્રી સંદિપ પરાગ્રમ પાટીલ** | સ્થાપી મિલકતનો રહેણાંકનો ઓમ હરિઓમ પાર્ક, નો પ્લોટ નં. ૧૭૫, તુલસી પેપર મીલ નજીક, કારેલી – મોટા રોડ, કારેલી, તા. પલસાણા, સુરત – ૩૯૪૪૦૧ ખાતે શ્રીમતી મનિષા સંદિપ પાટીલ અને શ્રી સંદિપ પરાગ્રમ પાટીલ ના નામે આવેલ છે. | અ) ૦૨.૧૧.૨૦૨૩<br>બ) રૂા. ૯,૧૨,૦૮૮.૦૦/- + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૧૬,૧૫,૦૦૦/-<br>રૂા.૧૬૨,૦૦૦/- | ૬૬૦૬૧૫૮૯૧૦ |

**હરાજીમાં ભાગ લેતા પહેલા બ્રીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.**

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન** ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (બી) અમારી ઈ–હરાજ સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧** : બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨** : કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩** : બીડર ડ્યોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. **સ્ટેપ ૪** : બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અવિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અવિકૃત અધિકારી / સિકયોર્ડ કેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૦૨.૧૨.૨૦૨૫ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સફળ બીડર કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **રૂા.૧૦૦૦૦/– (રૂા.દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અવિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અવિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડ્યુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી વેધાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉપ્યરાંત ઓફ–સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબકકે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેસ્ટ્રસ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોકત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર **૧૫૦દિવસ** ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે સખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે.

**તા.૦૪.૧૧.૨૦૨૫ । સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડિયા**



**બેંક ઑફ ઇંડિયા Bank of India BOI**

**ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ**

**ઈ–હરાજીની તા.૦૯.૧૨.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી** (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

| અ. નં. | શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ | વેચાણ માટેની મિલકતનું વર્ણન | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તારીખ<br>ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ સ્વાધીનતા | ન્યુનતમ અનામત કિંમત<br>ઈએમડી | શાખા હેડ નો સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| ૧૦. | **અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા**<br>**શ્રી હરેશભાઈ પુનાભાઈ ખોખાની અને શ્રી નરેશભાઈ પુનાભાઈ ખોખાની** | રામેશ્વર બંગ્લોઝ સ્થિત રહેણાંકના ઘરનો પ્લોટ નં.૫૪, પ્લોટ એરીયાનું માપ ૨૦૦૦ ચો.ફુટ, બિલ્ડ અપ એરીયા માપ ૫૬૦.૭૦ ચો.ફુટ, પોલીટેકનીક કોલેજ પાસે, દેસાઇ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ. | અ) ૦૩.૦૭.૨૦૧૬<br>બ) રૂા. ૨૧,૩૮,૬૪૮.૦૦<br>વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે<br>ક) પ્રત્યક્ષ કબજો | રૂા.૧૦,૮૮,૦૦૦.૦૦<br>રૂા.૧,૦૮,૦૦૦/- | ૬૩૬૨૨૭૦૦૬૩ |
| ૨૦. | **અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા**<br>**પ્રકાશભાઈ નારણભાઈ પામેલીય